Extra No. 257

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **TUESDAY, JULY 15, 2025 / ASADHA 24, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, જિલ્લા (મા.મ.) વિભાગ, વડોદરાના પત્ર જા.નં. પીબી/ ૨૯૪૯/૨૦૨૫, તા.૧૦/૦૭/૨૦૨૫

(૨) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરાના જાહેરનામા ક્રમાંક: EC/MAG/6003 to 6025/2025, તા.૧૧/૦૭/૨૦૨૫

(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાના પત્ર જા.નં. પી.બી./૨૭૯૨/સને ૨૦૨૫, તા.૧૧/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૯૦૬૪ થી ૯૧૦૧ /૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, જિલ્લા (મા.મ.) વિભાગ, વડોદરા દ્વારા વંચાણ-(૧)ના પત્રથી ડભોઈ-સેગવા-પોઈચા રસ્તા પર પોઈચા ગામ પાસે આવેલ નર્મદા નદી પરના પુલ(રંગસેતુ) ની હાલની સ્થિતિ જોતાં, સદરહુ પુલની ક્ષમતા ચકાસણી માટે લોડટેસ્ટ ન થાય ત્યાં સુધી ભારે વાહનો માટે બંધ કરી રૂટ ડાયવર્ટ કરવા જાહેરનામું બહાર પાડવા અત્રે તથા કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરાને દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે અન્વયે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા દ્વારા વંચાણ-(૨)ના જાહેરનામાથી ડભોઈ-સેગવા-પોઈચા રસ્તા પર પોઈચા ગામ પાસે નર્મદા નદી પર આવેલ રંગસેતુ પુલ ભારે વાહનો માટે બંધ કરી રૂટ ડાયવર્ઝન આપવામાં આવેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળા દ્વારા વંચાણ-(3)ના પત્રથી તેઓના વિભાગનો રાજપીપળા-પોઈચા રોડ સદરહુ પુલ તરફ જતો હોય, રાજપીપળા-પોઈચા રોડ પરથી વડોદરા તરફ જતા ભારે વાહનો પર પ્રતિબંધ મુકી, ભારે વાહનોનો રૂટ ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું એસ.કે.મોદી(આઈ.એ.એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ ડભોઈ-સેગવા-પોઈચા રસ્તા પર પોઈચા ગામ પાસે નર્મદા નદી પર આવેલ રંગસેતુ પુલ ભારે વાહનો માટે ફરીથી ચાલુ કરવામાં ન આવે ત્યાં સુધી રાજપીપળાથી વડોદરા તરફ જતાં ભારે વાહનોના રાજપીપળા-પોઈચા રોડનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકી, ભારે વાહનો માટે નીચે મુજબ ટ્રાફિક ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

ટ્રાફિક ડાયવર્ઝનની વિગત

- રાજપીપળાથી વડોદરા તરફ જતાં ભારે વાહનોએ રાજપીપળા-ગરૂડેશ્વર-દેવલીયા ચોકડી-તિલકવાડા-ડભોઈ થઈ વડોદરા જવાનું રહેશે.
- વડોદરાથી રાજપીપળા તરફ તરફ આવતાં ભારે વાહનોએ વડોદરા-ડભોઈ-તિલકવાડા-દેવલીયા ચોકડી-ગરુડેશ્વર થઈ રાજપીપળા તરફ આવવાનું રહેશે.
- રાજપીપળા તરફથી પોઈચા સુધી જ જતાં ભારે વાહનો રાજપીપળા-પોઈચા રોડનો ઉપયોગ કરી શકશે.

સદરહુ રસ્તો રાજપીપળાથી વડોદરા તરફ જતાં ભારે વાહનો માટે બંધ હોવા અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની તથા તેને આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાએ કરવાની રહેશે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી પોઈચા ગામ પાસે નર્મદા નદી પર આવેલ રંગસેતુ પુલ ભારે વાહનો માટે ફરીથી ચાલુ કરવામાં ન આવે ત્યાં સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા. ૧૫/૦૭/૨૦૨૫.

એસ. કે. મોદી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.28 17:32:19 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara